# હવે, ઉત્તર કોરિયાના હાઈડ્રોજન બોંબના પરીક્ષણથી વિશ્વ ચિંતિત

## ઉત્તર કોરિયાના સુંગજીબાયગામ ક્ષેત્રથી ૨૪ કિલોમીટર ઉત્તર પૂર્વની તરફ ૫.૧ તીવ્રતા વાળા બ્લાસ્ટને રેકોર્ડ કરવામાં સફળતા : પરીક્ષણથી ધરતીકંપ

સિયોલ,તા.૩

ઉત્તર કોરિયાએ છઠ્ઠુ પરમાણું પરીક્ષણ કરીને વિશ્વભરમાં હાહાકાર મચાવી દીધો છે. હાઈડ્રોજન બોંબની જાહેરાત બાદ ઉત્તર કોરિયા દ્વારા છઠ્ઠા પરમાણુ પરીક્ષણને લઈને વિશ્વમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ઉત્તર કોરિયાએ પશ્ચિમી દેશોની ચિંતાની અવગણના કરીને આજે પરમાણુ પરીક્ષણ કર્યું હતું. લાંબા અંતરની મિસાઈલોમાં લોડ કરી શકાય તેવા શક્તિશાળી હાઈડ્રોજન બોંબનું પરીક્ષણ કરાયું છે. વિશ્વના દેશો આગામી દિવસોમાં કેવા પગલા લે છે તેના ઉપર હવે દુનિયાની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. આ પરમાણુ પરીક્ષણ ઉત્તર કોરિયાના હાઈડ્રોજન બોંબ વિકસિત કરી લેવાના દાવાના કલાકો બાદ જ કરવામાં આવ્યું હતું. અમેરિકાએ ઉત્તર કોરિયાના સુંગજીબાયગામ ક્ષેત્રથી ૨૪ કિલોમીટરના અંતરે ઉત્તર પૂર્વની તરફ ૫.૧ના મેગ્નેટ્યુટ દ્વારા બ્લાસ્ટને રેકોર્ડ કરીને માહિતી આપી છે. કોરિયા મિટર લોજીકલ એડમિનિસ્ટ્રેશને કહ્યું છે કે, ઉત્તરીય હેમયેઓંગ પ્રાંતમાં સ્થાનિક સમય મુજબ ૧૨.૩૦ વાગે પરીક્ષણના કારણે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે, ઉત્તર કોરિયાએ અતિ આધુનિક પરમાણુ હથિયાર વિકસિત કરી લીધા છે જેને બેલાસ્ટિક મિસાઈલ સાથે જોડી શકાય છે. ઉત્તર કોરિયાની સમાચાર સંસ્થાએ કહ્યું છે કે, કિંગજોંગના કેટલાક ફોટાઓ જારી કરવામાં આવ્યા છે જેમાં કિંગજોંગ નવા હાઈડ્રોજન બોંબનું નિરીક્ષણ કરી રહ્યા છે.

ફોટામાં કાળા સૂટમાં કિંગજોંગ એક બોંબ જેવી વસ્તુને નિહાળી રહ્યા છે. સમાચાર સંસ્થાએ કહ્યું છે કે, કિંગ જોંગે એવા વૈજ્ઞાનિકો સાથે ન્યુક્લિયર હથિયારો સાથે સંબંધિત સંસ્થાની મુલાકાત લીધી હતી. સાથે સાથે પરમાણુ હથિયારોને લઈને માર્ગદર્શન પણ આપ્યું હતું. અતિઆધુનિક અને શક્તિશાળી વિસ્ફોટક શક્તિ સાથે થર્મોન્યુક્લિયર હથિયાર તૈયાર કરાયું છે. હાઈડ્રોજન બોંબના તમામ ૧૦૦ ટકા સાધનો સ્વદેશી છે. ઉત્તર કોરિયાએ જુલાઈમાં બે સફળ પરીક્ષણ કર્યા હતા. અમેરિકાના મુખ્ય તમામ વિસ્તારો સુધી હથિયારો ત્રાટકી શકે છે. કોરિયાના આ પરીક્ષણથી તંગદિલી ફરી એકવાર ચરમસીમાએ પહોંચી ગઈ છે.

# અરવલ્લી જિલ્લામાં ચડ્ડી બનિયાન ઘરફોડ ગેંગ સક્રિય થતા પ્રજાજનોમાં ફફડાટ

## માલપુરમાં જ્વેલર્સની દુકાન તોડવાનો નિષ્ફળ પ્રયાસ
## મોડાસાની ગુરુકુળ સોસાયટીમાં ૨૫ હજારની લૂંટ

અરવલ્લી, તા. ૩

અરવલ્લી જિલ્લાના માલપુર ગામે દરવાજા વિસ્તારમાં મોટાભાગની સોના-ચાંદીના વેપાર કરતી દુકાનો આવેલી છે. શનિવારે રાત્રે આશીર્વાદ જ્વેલર્સ



નામની દુકાનના તાળા તોડવાનો અને લૂંટની ઘટનાને અંજામ આપવાનો નિષ્ફળ પ્રયાસ કરતા ચારથી પાંચ ચડ્ડી બનિયાનધારી શક્સો સી.સી.ટીવી કેમેરામાં કેદ થતા દુકાનમાલિક સહીત માલપુર બજારમાં દુકાનધારકોમાં ફફડાટ ફેલાયો છે. આશીર્વાદ જ્વેલર્સના માલિક રમેશભાઈ સોનીના જણાવ્યા અનુસાર બે-ત્રણ વર્ષ અગાઉ પણ મારી દુકાનમાં ચોરોએ ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ત્યારે માલપુરના સોના-ચાંદીના વેપારીઓ દ્વારા માલપુર પોલીસ સ્ટેશનમાં ઉગ્ર રજુઆત કરાતા પોલીસ દ્વારા માલપુરના દરવાજા વિસ્તાર, રખોડીયા રોડ પર, વાવ ત્રણ રસ્તા અને બજાર અને ગામમાં નાઈટ પેટ્રોલિંગ અને હોમગાર્ડ જવાનો દ્વારા સલામતી પુરી પાડવાની બાંહેધરી આપ્યા બાદ પોલીસ સક્રિય ન થતા ફરીથી લૂંટારુ ગેંગે ચોરીનો નિષ્ફળ પ્રયાસ થતા આ અંગે માલપુર પોલીસ સ્ટેશન, જિલ્લા પોલીસ વડા અને ગૃહરાજ્ય મંત્રાલયમાં લેખિત રજુઆત કરવામાં આવી હતી.

મોડાસા બાયપાસ રોડ પર આવેલી ગુરુકુળ સોસાયટીમાં રહેતા અને દેશની રક્ષા કરતા આર્મીમાં ફરજ બજાવતા જવાનનો પરિવાર એક દિવસ માટે વતનમાં જતા શુક્રવારની રાત્રીએ તસ્કરોએ ઘરમાં હાથફેરો કરી ૨૫ હજાર રૂપિયાથી વધુની રોકડ રકમની લૂંટ ચલાવતા પોલીસ દોડી આવી હતી અને ચોર ગેંગ ને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી હતી. ચોરીની ઘટનાના પગલે લોકોના ટોળે ટોળા ઉમટ્યા હતા અને પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠાવ્યા હતા.

ભિલોડા તાલુકાના કુશ્કી ગામે શનિવારની રાત્રીએ ચોર-લૂંટારુ ગેંગે ચાર મકાનો અને દૂધમંડળીના મકાનને નિશાન બનાવી અંદાજે દોઢ લાખ રૂપિયાથી વધુ ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થયી ગયા હતા. કુશ્કી ગામના પ્રણામી મહોલ્લામાં ૨ મકાનોમાંથી ખેતી કરી માંડ માંડ પેટિયું રળતા મગનભાઈ કુબભાઈ પ્રણામી ઘરમાં ધાડ પડી ૩ તોલા સોનુ અને ચાંદીના દાગીના અને રોકડ રકમની લૂંટ ચલાવી ફરાર થયી જતા આભ તૂટી પડ્યું હતું. તદ્ઉપરાંત પ્રજાપતિ અને દરજી ફળિયામાં એક એક મકાનને નિશાન બનાવ્યું હતું. પરંતુ મકાનમાલિક બહાર રહેતા ચોરોને ફેરો પડ્યો હતો.



અરવલ્લી જિલ્લામાં ચોર લૂંટારુ ગેંગ ઘરફોડિયા અને તસ્કરોએ માજા મુકતા અને છાસવારે લૂંટની ઘટનાને અંજામ આપતા જિલ્લાવાસીઓમાં પોલીસ તંત્ર સામે રોષ ભભૂકી ઉઠ્યો છે અને પ્રજાજનો ભગવાન ભરોશે હોય તેવું અનુભવી રહ્યા છે અને ગ્રામ્ય વિસ્તારોમાંતો યુવાનોની ટુકડીઓ જે તે ગામમાં રાત્રી પહેરો ભરવા મજબુર બની છે. ત્યારે જિલ્લા પોલીસતંત્ર સબસલામતીના સુર વ્યક્ત કરી રહ્યું છે.

# ડીસા નવજીવન સોસાયટીના બિન અધિકૃત બાંધકામને નોટીસ

ડીસા, તા. ૩

ડીસા શહેરના નવજીવન



સોસાયટીમાં રહેણાંક વિસ્તારમાં નગરપાલિકાની મંજુરી વિના શોપીંગ સેન્ટર ઉભુ થઈ ગયુ છે. આ મામલે અરજદારે પાલીકામાં રજૂઆત કરી હોવા છતા પાલીકાના ચીફ ઓફીસરે નોટીસ ફટકારી છે.

ડીસા શહેરની નવજીવન સોસાયટીમાં રે.સ.નં. ૧૦૬ પૈકી સી.સ.ન. ૪૯૦૦ પૈકી રહેણાંકના હેતુ માટે બિન ખેતી થયેલ જમીન પ્લોટ નં. ૧૦ પૈકીની જમીનમાં કાંતિલાલ શામળદાસ ગજ્જરે પાલીકાની કોઈ પણ પ્રકારની મંજુરી વિના કોમર્શિયલ બાંધકામ ચણી દીધુ છે. વળી આ શોપીંગના ભોંયરાની બારીઓ પિયુષકુમાર ઈશ્વરલાલ ઠક્કરના ઘર તરફ મુકી છે. જેના કારણે આ મકાનમાં રહેતા પરીવારના આરોગ્ય સામે જોખમ પૂરવાર થયુ છે. એટલે પિયુષકુમાર ઠક્કરે આ ગેરકાનુની બાંધકામ સામે નગરપાલિકામાં લેખિત રજૂઆત કરતા પાલીકાના ચીફ ઓફીસરે તા. ૨૮-૮-૨૦૧૭ના રોજ કાંતિલાલ શામળદાસ ગજ્જરને નોટીસ ફટકારી છે. અને બાંધકામના જરૂરી પુરાવા ૭ દિવસમાં રજુ કરવામાં નહી આવે તો કાયદેસરની કાર્યવાહી કરવાની પાલીકાએ ચિમકી ઉચ્ચારી છે.



# વાવોલની એમ.ડી. શાહ પ્રા. શાળાના વિદ્યાર્થીઓ ઝળકયા

તાજેતરમાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા તાજેતરમાં ગાંધીનગર તાલુકાનું સીઆરસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન કોલવડા ખાતે યોજાયું હતું. આ પ્રદર્શનમાં વાવોલની એમ.ડી. શાહ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ડિઝીટલ અને તકનિકી વિભાગમાં 'હાઈડ્રોલિક બ્રીજ'ની કૃતિ થકી પ્રથમ ક્રમાંકે વિજેતા સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આ કૃતિ રજૂ કરનાર મિત્તલ જાદવ અને સરિફૂલનિશા શેખ તથા માર્ગદર્શક શિક્ષિકા જીજ્ઞાબેન સાપરિયાને પ્રમાણપત્ર આપી સન્માનવામાં આવ્યા હતા. આ કૃતિ માટે વિદ્યાર્થીઓને રાજદીપસિંહ બિહોલા દ્વારા પણ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. જયારે પ્રોજેકટ તૈયાર કરવા માટે શિક્ષિકા હેતલબેન તથા વિદ્યાર્થી મિત્રો અયાન શેખ, મહિપાલ ગોલ અને દશરથ ઠાકોરની મદદ પ્રાપ્ત થઈ હતી. તમામ વિદ્યાર્થીઓને આચાર્યા જાગૃતિબેન જાની તથા એચઓ સોનલબા ગોલે અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# મોડાસા વીજતંત્રના અધિકારીઓ ફોલ્ટ શોધવામાં નિષ્ફળ રહેતાં વધુ એક ગાયનો ભોગ લેવાયો

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિર સામે વીજતંત્ર દ્વારા લગાવવામાં આવેલી વીજડીપીના સુરક્ષા પાંજરામાં અને આજુબાજુના વિસ્તારમાં ઘાસ અને વનસ્પતિના વેલા ઉંગી નીકળતા ગાય ચારો ચરવા જતા વીજડીપીમાંથી કરંટ ઉતરતા ગાય વીજકરંટ લગતા મોત નીપજ્યું હતુ. વીજતંત્ર દ્વારા વીજડીપીમાંથી ઉતરતા કરંટનો ફોલ્ટ શોધવામાં નિષ્ફળ રહેતા રવિવારે વધુ એક ગાય વીજડીપી નજીક થી પસાર થતા કરંટના પ્રવાહથી ખેંચાઈ જઈ જમીન પર તરફડીયા મારી મોત નિપજતા જીવદયા પ્રેમીઓ દોડી આવ્યા હતા અને વીજતંત્રના અધિકારીઓનો ઉધડો લીધો હતો.

રવિવારે સવારના સમયે માલપુર રોડ પર આવેલા સાંઈ મંદિર સામે આવેલી વીજડીપીના સુરક્ષા પાંજરામાંથી વીજકરંટ ઉતરતા વધુએક ગાયનું મોત નિપજતા જીવદયાપ્રેમી નિલેશભાઈ જોશી સહીત લોકો દોડી આવ્યા હતા. ભારે રોષ ફાટી નીકળ્યો હતો અને નિલેશભાઈ જોશી અને લોકોએ વીજતંત્રના અધિકારીઓને મળી ઉગ્ર રજુઆત કરી જણાવ્યું હતું કેઅગાઉ થોડા દિવસ પહેલા પણ એક ગાય આજ રીતે અને આજ વીજડીપી નજીક વીજ કરંટથી મોત નીપજ્યું હતું અને આજે વધુ એક ગાયનો ભોગ વીજકરંટથી લેવાતા વીજ તંત્ર દ્વારા કેમ કોઈ યોગ્ય વીજકરંટ ઉતરવાનું કારણ શોધી સમારકામ કરવામાં આવ્યું હોત તો આજે નિર્દોષ પ્રાણી ગાય મોતના મુખમાં ધકેલાયી ના હોત અને કામગીરી અંગે જવાબ માંગતા વીજતંત્રના અધિકારીએવીજડીપી રહેલો ફોલ્ટ મળ્યો ના હોવાનું અને હાલ વીજતંત્રના કર્મચારીઓદ્વારા વીજપુરવઠો બંધ કરી કરંટ ઉતરતો બંધ કરવા અને ફોલ્ટ શોધવા સઘન કામગીરી હાથ ધરાઈ હોવાનુંજણાવતા જીવદયા પ્રેમીઓઅને લોકોસમસમી ઉઠ્યા હતા.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

બંધારણમાં રાષ્ટ્રભાષા અધિનિયમ ૧૯૬૩ ની ઉપકલમ ૧૯(૨) ની જોગવાઈ મુજબ દેશની રાષ્ટ્રભાષા હિન્દી એટલે કે દેવનાગરી લીપીને બંધારણ મુજબ પણ જાહેર કરેલ છે તેથી પણ કેન્દ્ર સરકારના પરિપત્રો, ઠરાવો વિગેરે અંગ્રેજીમાં બહાર પાડવાના બદલે હિન્દીમાં જ બહાર પાડવા જોઈએ જેથી આમ જનતા તેનો લાભ મેળવી શકે, સરકારનો વહિવટ દેશની કરોડરજુ સમાન છે.

સમગ્ર મામલો રાજકોટના એક રાષ્ટ્ર ભક્ત અરજદાર અમૃતલાલ પરમાર દ્વારા નામદાર હાઈકોર્ટમાં કરવામાં આવેલ પીટીશનથી પ્રકાશમાં આવેલ તેમણે જાહેર હિતની અરજીમાં જણાવેલ કે ભારત દેશના બંધારણમાં હિન્દીને રાષ્ટ્ર ભાષા જાહેર કરવામાં આવી છે અને એટલે જ દેશના વહિવટની ભાષા તથા ગુજરાત હાઈકોર્ટની વહિવટની ભાષા હિન્દી જ હોવી જોઈએ. ગુજરાત સરકારના ઠરાવો, જીઆરો તથા પત્ર વ્યવહાર પણ હિન્દીમાં જ થવો જોઈએ તેમની દલીલમાં પણ જણાવેલ કે દેશનું બંધારણ ઘડતા રાષ્ટ્ર ભાષા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૧૯ ની ઉપકલમ ૨ માં પણ રાષ્ટ્રનો વહિવટ દેવનાગરી લીપી એટલે કે હિન્દીમાં કરવો તેવો ઉલ્લેખ છે તો પછી બંધારણની કલમ ૨૨૬ કેવી રીતે ઉચ્ચ ન્યાયાલય કેન્દ્ર સરકારને આદેશ ના કરી શકે પરંતુ નામદાર કોર્ટ સદર દલીલ ફગાવતા જણાવેલ કે કાયદા ઘડવાનું સુધારવાનું કામ દેશના લોકસભા તથા રાજય સભાનું છે સરકાકનું છે અદાલતોનું નહિ અદાલતોએ તો ફકત સરકારે ઘડેલ કાયદાનો અમલ થાય છે કે કેમ અને ના થાય તો તે લગત સજા ફરમાવવાનું છે.

અરજદારે જણાવ્યું કે સદર અરજ તેમણે દેશને અંગ્રેજી ભાષાની ગુલામીમાંથી મુક્ત કરવા માટે કરેલ છે આપણા દેશના મહાન પુરૂષો તથા વિભૂતિઓએ એક દેશ અને અખંડ દેશ બને અને સમગ્ર દેશની એક જ ભાષા હોય તે માટે હિન્દી દેવનાગરી લીપીનો આગ્રહ રાખી બંધારણમાં પણ જોગવાઈ કરેલછે દેશને અખંડ રાખવાની નૈતિક જવાબદારી સરકાર તથા અદાલતોની છે તેમજ પ્રત્યેક નાગરિકની પવિત્ર ફરજ છે દેશ આઝાદ થયો તે સમયે લોકોને અંગ્રેજી ભાષા પ્રત્યે સખ્ત વિરોધ તથા સુગ હતી પરંતુ કાળક્રમે સમગ્ર વિશ્વમાં વૈશ્વિક ભાષા તરીકે અંગ્રેજીનો સ્વીકાર થતા લોકોમાં અંગ્રેજી બોલવું લખવું એ સ્ટેટસ ગણાતું સમાજમાં કેટલાક લોકો પોતાના સ્વાર્થ માટે અંગ્રેજીને મુખ્ય ભાષા તરીકે ઉપયોગમાં લે છે પરંતુ હિન્દીને મુખ્ય ભાષા તથા રાજયોની ભાષાને ઉપભાષા અથવા અંગ્રેજીને ઉપભાષા તરીકે સ્વીકાર થવો જોઈએ પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટે સદર કામ સરકારનું છે તેમાં અદાલત હસ્તક્ષેપ કરી શકે નહિ તથા બંધારણમાં સુધારા કરવાનો હક્ક અધિકાર માત્ર સરકારને છે અદાલતોનું કામ માત્ર સરકારે બંધારણ મુજબ ઘડેલા કાયદાનું પાલન કરાવવાનું જ છે તેથી બંધારણની કલમ ૨૨૬ મુજ અદાલત સરકારને આદેશ કરી શકે નહિ તેથી પીટીશન રદ કરવામાં આવતા હિન્દી ભાષાને વહિવટમાં ઉપયોગ લેવાનો પ્રયાસ નિષ્ફળ ગયેલ છે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

પોતાનાં લેટરહેડ છપાવે, સન્માનો કરાવે, કામે વળે એટલામાં તો ચૂંટણી આવીને જતી પણ રહેશે. જોકે, હવેની ચૂંટણીમાં અહેમદ પટેલ મોદી-મૈત્રીનો આલાપ છોડીને મચી પડે તો કૉંગ્રેસની ૫૭થી ૬૦ બેઠકોની મક્તેદારી જળવાઈ રહે, એથી ઝાઝું કાંઈ ઉકાળી શકે એવું વર્તમાન સંજોગોમાં તો લાગતું નથી.

ભાજપની પ્રદેશ સેના સતત હાકલાદેકારા કરતી રહે છે અને એમાં પાછું વડા પ્રધાન મોદીએ પોતાની કૅબિનેટના પ્રભાવી સાથીઓને ગુજરાતના પ્રભારી અને સહ-પ્રભારી બનાવીને પાઠવવાની જાહેરાત કરતાંની સાથે જ સામી છાવણીમાં સોપો પડવો સ્વાભાવિક છે. ભાજપના અધ્યક્ષ અને રાજ્યસભાના સાંસદ અમિત શાહ થકી કૉંગ્રેસના ૪૩ ધારાસભ્યોમાંથી કોની કોની વિકેટ પાડવી એ વ્યૂહના અમલનાં આવતીકાલોમાં દર્શન થશે. નાણા અને સંરક્ષણ પ્રધાન અરુણ જેટલીને એમને રાજ્યસભે પાઠવનાર ગુજરાતના ચૂંટણી પ્રભારી બનાવાયા છે. સાથે જ વડા પ્રધાન કાર્યાલયના રાજ્યપ્રધાન ડૉ. જિતેન્દ્રસિંહ, ઉપરાંત બીજાં કેન્દ્રીય પ્રધાન નિર્મલા સીતારામન્ અને નરેન્દ્રસિંહ તોમર તેમજ પી. પી. ચૌધરીને સહ-પ્રભારી બનાવાયા છે.

મોદીના અત્યંત નિષ્ઠાવંતોને કામે વાળવાની જવાબદારી જ નહીં, 'મિશન ૧૫૦ પ્લસ'ને સફળ બનાવવાના લક્ષ્યની પૂર્તિ માટેનો એજન્ડા અપાયો છે. ગુજરાત સર કર્યા પછી કર્ણાટકને સર કરવાનું છે. કૉંગ્રેસનો રાવણહથ્થો હજુ સરખો કરાય ત્યાં લગી તો ભાજપ-સંઘ પરિવારની સેના સ્ટીમરોલર બનીને સમગ્ર ગુજરાતમાં કૉંગ્રેસનો ભુક્કો બોલાવી દેશે. મોદી-દશકને આડા હાથ દેવામાં કૉંગ્રેસ ગુજરાતમાં સફળ થાય એવી અનોખી કોઈ વ્યૂહરચના અમલી બનાવી શકે તો ભગવી બ્રિગેડનાં સમગ્ર દેશમાં વળતાં પાણી થાય. જોકે, અત્યારના સંજોગોમાં ભાજપી શાસન સામે પ્રજાનો રોષ હોય તો પણ મોદીનો ચહેરો એટલો પ્રભાવી છે કે ભાજપને ડિસેમ્બર ૨૦૧૭ની વૈતરણી તરવામાં સફળ બનાવશે. અને એ પછી મે ૨૦૧૯માં મોદી-નૈયાને પાર ઉતારવાની પૂર્વશરત તરીકે ગુજરાતની ચૂંટણીનો વિજયશ્રી લગભગ નક્કી જ છે. કૉંગ્રેસ વધુ મજબૂત વિપક્ષ બનીને બહાર આવે એ પણ આવકાર્ય છે, કારણ મોદીના નેતૃત્વમાં લડાયેલી વિધાનસભાની ચૂંટણીઓમાં પક્ષનું સંખ્યાબળ સતત ઘટ્યું હોવાની હકીકત કૉંગ્રેસમાં આશાવાદ જરૂર પ્રેરે છે.

- haridesai@gmail.com

### વધુ ૬ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં હાલ ૨૧ દર્દી સારવાર હેઠળ છે. જેમાં ૧ વેન્ટીલેટર અને ૧ બાયપેપની સપોર્ટ સિસ્ટમથી સારવાર હેઠળ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૦ દર્દી સંપૂર્ણ રોગમુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

ઓગષ્ટ માસ દરમ્યાન ૧૦૦ કેસ સ્વાઈન ફલુના મળી આવ્યા હતા. જ્યારે ચાલુ માસના પ્રથમ ત્રણ દિવસમાં ૧૪ કેસ સામે આવ્યા છે. જેમાં બાળ દર્દીઓની સંખ્યાને લઈ તંત્ર વધારે ચિંતીત બન્યુ છે.

### પોસ્ટર પ્રદર્શન... ● ત્રીજા પાનાનું ચાલુ

રોગના નિવારણ માટે પણ ઉપયોગી માહિતી સુંદર રીતે પુરી પાડવામાં આવે છે. ઘણા ચેપી રોગો અત્યારે હાલના સમયે મૌસમ બદલાતા જોવા મળે છે. જેમાં સ્વાઈન ફલુ, સામાન્ય ફલુ, જો શરીરમાં રોગ પ્રતિકારક શકિત હોય તો આવા રોગો દુર રહે છે. આ માટે બાળકનું જન્મ થાય ત્યારથી જ કાળજી લેવી પડે છે. બાળકના જન્મ પછી એક કલાકની અંદર સ્તનપાનથી શરુઆત કરી કેવી રીતે ખોરાક દ્વારા ઈમ્યુનિટી જાળવી શકાય તે અંગેની માહિતી બધા સાંભળી શકે તે રીતે દર્શાવવામાં આવે છે. આ પ્રદર્શન જાહેર જનતા માટે તદન નિશુલ્ક રાખવામાં આવ્યું છે. આ વિવિધ રોગના પેમ્ફલેટસ પણ ફ્રી આપવામાં આવે છે. શહેરના નાગરીકો આ પોસ્ટર પ્રદર્શનનો મોટીસંખ્યામાં લાભ લે તે માટે આયોજકો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. દીપાબેન ત્રિવેદી, સીનીયર રજીસ્ટર્ડ ડાયેટીશીયન દ્વારા આ ન્યુટ્રીશીયન પોસ્ટર પ્રદર્શન યોજવામાં આવેલ છે. ન્યુટ્રીશીયન અને ડાયેટને લગતા અન્ય પ્રશ્નો હોય તો સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવશે.

### નવા રક્ષામંત્રી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજ્યમંત્રી અને આંકડાકીય મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. હવે રમત ગમત મંત્રાલયની જવાબદારી રાજ્યવર્ધનસિંહ રાઠોડ જોશે. સુરેશ પ્રભુને નવા વાણિજ્ય મંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ છે. આજે ૧૩ મંત્રીઓને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. શપથલેનાર નવ નવા પ્રધાનો પૈકી બે પૂર્વ ફોરેન સર્વિસ ઓફિસર છે. કેબિનેટમાં ઉત્તર પ્રદેશ અને બિહારના બે-બે, કેરળ, કર્ણાટક, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાંથી એક એકને નવા મંત્રી બનાવવામાં આવ્યા છે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન, સંસદીય બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવી, ઉર્જા પ્રધાન પિયુષ ગોયેલ, વાણિજ્યમંત્રી નિર્મલા સીતારામનને કેબિનેટમંત્રી બનાવવામાં આવ્યા છે. કુલ ૧૩ પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે અપાવ્યા હતા. એનડીએના સાથી પક્ષોને સ્થાન આપવામાં આવ્યું નથી. જે લોકોએ આજે મંત્રીપદના શપથ લીધા છે તેમાં મોટાભાગના પોતાના પ્રોફેશનમાં કુશલ લોકો છે. બે પૂર્વ આઈએએસ, એક પૂર્વ આઈપીએસ, એક પૂર્વ આઈએફએસ છે. જે રીતે પ્રોફેશનલ લોકોને કેબિનેટમાં જગ્યા આપવામાં આવી છે તેનાથી સ્પષ્ટ છે કે, આગામી દોઢ વર્ષના ગાળામાં ગવર્નન્સ અને અમલીકરણ સુધી તમામ બાબતોને એક સમાન રીતે આગળ વધારવામાં આવશે. લોકકલ્યાણની બાબતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવશે. કેરળના પૂર્વ આઈએએસ અલ્ફોન્સની પસંદગી ખુબ જ મહત્વપૂર્ણ છે. ભાજપ કેરળમાં પોતાની સ્થિતિને મજબૂત કરવાના પ્રયાસમાં છે.

### શિવસેના ખફા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વડાપ્રધાનની અપેક્ષા મુજબ અમે આગળ વધીએ તેમ અમે ઈચ્છીએ છીએ. અમે ઈમાનદારીથી કામ કરવા શપથ લઈ ચુક્યા છે. કેબિનેટ મંત્રી બનેલા ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, તેઓ મોદીના આભારી છે. ૨૦૨૨ સુધી ભારતને અગ્રણી રાષ્ટ્ર બનાવવા અમે ઈચ્છુક છીએ. અશ્વિની ચૌબેએ કહ્યું હતું કે, બક્સર, ભાગલપુર અને સમગ્ર દેશના તેઓ આભારી છે. અમે વિશ્વાસ અને જવાબદારી સાતે આગળ વધીશું. મોદીનો વિશ્વાસ તુટવા દઈશું નહીં. ભાજપના સાંસદ અશ્વિની કુમાર ચૌબે અને અન્ય પોતપોતાના ક્ષેત્રમાં કેટલી કુશળતા ધરાવે છે. આવી સ્થિતિમાં નવી ટીમ તાકાત સાથે મેદાનમાં ઉતરે તેમ માનવામાં આવે છે. કેન્દ્રીય કેબિનેટમાં આજે મોટાભાગે સિનિયર લોકોને કેબિનેટમાં સ્થાન આપવામાં આવતા આને લઈને વ્યાપક ટિકાટિપ્પણીનો દોર જારીરહ્યો હતો. વિરોધ પક્ષોએ આની ઝાટકણી કાઢી હતી.

### કારોબારને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બે વાગ્યા બાદજ તેમના નાણાંકીય પરિણામો જાહેર કરે છે. સરકાર હવે ઈચ્છે છે કે, આવી ઘટનાઓની સીધી અસર એજ દિવસે તે જ સમયે જોવા મળે જેથી મોડેથી સટ્ટોડિયાઓને કોઈપણ પ્રકારની રમત કરવાની તક ન મળે. શેરબજારમાં કારોબારને બે કલાક સુધી વધારવા માટેની દરખાસ્ત ઉપર છેલ્લા ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે પરંતુ આ સંદર્ભમાં ટૂંક સમયમાં જ હવે અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. બે કલાક સુધી કારોબારને વધારવાના નિર્ણય ઉપર સર્વસંમતિ થઈ જાય તેમ માનવામાં આવે છે.

### લોકપ્રિયતામાં...● અનુસંધાન પહેલાનું ચાલુ

મેળવી હતી. તેમની રાજકીય કેરિયરની શરૂઆત પણ આજ યુનિવર્સિટીમાંથી ૧૯૯૨માં થઈ હતી જ્યારે તેઓ એબીવીપીના બેનર હેઠળ વિદ્યાર્થી સંગઠનના અધ્યક્ષ બન્યા હતા. તેઓ આરએસએસની આર્થિક શાખા સાથે પણ જોડાયેલા રહ્યા છે. બીજી બાજુ બિહારમાં બક્સરમાથી લોકસભા સભ્ય અશ્વિની કુમાર ચૌબે પાંચ દશકથી રાજનીતિમાં સક્રિય રહ્યા છે. તેમનો ભાજપનો કોરા પ્રશ્નજવાબ સાથે જોડાયેલ બ્લોગિંગ સાઈટ : કૃષિ ક્ષેત્રે નિષ્ણાત : અશ્વિનીએ ૧૧૦૦૦ ટોયલેટ બનાવ્યા

વ્યાપક અનુભવ છે. સાથે સાથે તેમને પાર્ટીના અનુભવી નેતા તરીકે ગણવામાં આવે છે. ૧૯૭૦ના દશકમાં જેપી આંદોલનમાં સક્રિય રીતે સામેલ રહી ચુકેલા અશ્વિનીકુમાર ચૌબે ઈમરજન્સીના ગાળા દરમિયાન કસ્ટડીમાં લેવાયા હતા. ૧૧ હજાર ટોયલેટનું નિર્માણ તેમના તરફથી કરવામાં આવ્યું છે. ઘર મેં હો શૌચાલયના નિર્માણ તભી હોગા લાડલી બિટિયા કા કન્યાદાન જેવા નારા આપીને લોકપ્રિયતા મેળવી ચુક્યા છે.

મહાદલિત પરિવાર માટે ૧૧ હજાર શૌચાલય બનાવવામાં તેમની સક્રિય ભૂમિકા રહી છે. મે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં ૧૬મી લોકસભા માટે ચૂંટાઈ આવ્યા હતા. તેઓ જુદી જૂદી કમિટિમાં સભ્ય તરીકે ચાવીરુપ ભૂમિકા ભજવી ચુક્યા છે. ભાગલપુર દરિયાપુરના રહેવાશી અશ્વિનીકુમાર ચૌબે બિહાર વિધાનસભા માટે સતત પાંચ વખત ચુંટાઈ આવ્યા છે. ૧૯૯૫થી ૨૦૧૪ સુધી બિહાર વિધાનસભાના સભ્ય રહ્યા છે. જુદા જુદા હોદ્દાઓ ઉપર કામ કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩માં પોતાના પરિવારની સાથે ભીષણ કેદારનાથ પુરનો સામનો કર્યો હતો. અશ્વિનીએ આ કુદરતી હોનારત પર કેદારનાથ ત્રાસદી નામનું પુસ્તક પણ લખ્યું છે.

### સર્વિસ ચાર્જ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦ ટકા સર્વિસ ચાર્જ તરીકે વસુલ કરવામાં આવે છે. સરકાર તરફથી કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. સરકારે એવી હોટલો અને રેસ્ટોરન્ટની એક યાદી તૈયાર કરી છે જે કસ્ટમરો પાસેથી બળજબરીપૂર્વક સર્વિસ ચાર્જ વસુલ કરે છે. સરકાર આવી હોટલો અને રેસ્ટોરન્ટને નોટિસ પણ ફટકારશે. ખાદ્યાન્ન અને કન્ઝ્યુમર બાબતો સાથે સંબંધિત પ્રધાન રામવિલાસ પાસવાને કહ્યું છે કે, સર્વિસ ચાર્જ જેવી કોઈ ચીજ નથી. જો રેસ્ટોરન્ટ ચાર્જ કરે છે તો આ બાબત ખોટી છે. સરકાર સર્વિસ ચાર્જને ટૂંક સમયમાં જ સંપૂર્ણપણે દૂર કરી દેવા માટે ઈચ્છુક છે અને આ અંગે આદેશ હવે જારી કરવાની તૈયારી છે. સર્વિસ ટેક્સ ખતમ કરવા સાથે સંબંધિત પ્રસ્તાવ તૈયાર કરવામાં આવ્યા બાદ તેના ઉપર અંતિમ વિચારણા ચાલી રહી છે.